(તસવીર : કશ્યપ નિમાવત)





નવરાત્રીના પડધમ વાગવા માંડ્યા છે. શહેરમાં ગરબા શીખવતા ક્લાસમાં ગરબાની તાલીમ લેનારની સંખ્યા દિવસે દિવસે વધી રહી છે. અવનવી સ્ટાઈલો શીખી રહેલા ખેલૈયાઓનો ઉત્સાહ જોરદાર વર્તાઈ રહ્યો છે.

# સે-૧૭ના મેઈન શોપીંગ સેન્ટરનું શૌચાલય ગંદકી અને રોગનું ઘર

## શૌચાલય ગટરના પાઈપ તુટી ગયેલા હોવાથી ગંદકીથી ખદબદી ગયું છે : રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ અને તીવ્ર દુર્ગંધથી વેપારીઓ પરેશાન : ચાર વર્ષથી રજૂઆત કરવા છતાં તંત્ર ઘોર નિંદ્રામાં

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના સેકટર-૧૭ના શોપીંગ સેન્ટરનું શૌચાલય અત્યંત ગંદકીથી ખદબદી રહ્યું છે તેમજ તેની ગટર તરફ નિકાલની પાઈપો પણ તુટી જવાથી ભયંકર દુર્ગંધયુકત રોગજન્ય ગંદકીનો ભરાવો થઈ જવા પામ્યો છે. આ શોપીંગના વેપારીઓ માટે ત્રાસદાયક સ્થિતિ બની જવા પામી છે અને તેમણે આ બાબતે તંત્રને કરેલી ફરિયાદો બહેરા કાને અથડાઈ પાછી ફરી છે.

સેકટર-૧૭ના મેઈન શોપીંગમાં જો કોઈ ખરીદી કરવા જાય તો તેને ભયંકર દુર્ગંધનો અનુભવ થાય છે જેના કારણે તે ગ્રાહક કોઈ પણ દુકાને વધુ સમય માટે રોકાતો નથી અને જે ગ્રાહકને એકવાર આ અનુભવ થઈ જાય એટલે બીજી વાર એ તરફ જવાનું માંડી વાળે છે. છેલ્લા ચાર ચાર વર્ષથી આ શોપીંગના વેપારીઓ દ્વારા સે-૧૭ની સુવિધા ઓફિસમાં વારંવાર રજૂઆતો કરવા છતાં આ જાહેર શૌચાલય અંગે તંત્ર દ્વારા કોઈ જ પગલાં લેવાયા નથી અને દિવસે ને દિવસે આ શૌચાલયની હાલત બદતર થઈ જઈ રહી છે. આ શૌચાલયમાં મળ-મૂત્ર ઓવરફલો થઈ રહ્યું છે અને તેના નિકાલ માટેની ગટર તરફની પાઈપ પણ તુટી જવાથી ભયંકર ગંદકી ફેલાવા પામી છે.

આ ગંદકીના કારણે અહીં રોગ જન્ય જીવજંતુઓ જેવા કે માખી-મચ્છર વગેરેનો ઉપદ્રવ ખૂબ વધી જવા પામ્યો છે. જેના કારણે મેલેરીયા, ઝાડા, ઉલટી તાવ અને ડેન્ગ્યુ જેવા રોગ ફેલાવાનો ભય ઉભો થવા પામેલ છે. સતત દુર્ગંધ અને મચ્છરના ત્રાસના કારણે વેપારીઓને પોતાની દુકાનમાં બેસવું પણ દુષ્કર બની ગયું છે. અને ગ્રાહકોનો ધસારો પણ દિવસે ને દિવસે ઓછો થઈ રહ્યો છે. વપારીઓ દ્વારા છેલ્લા ૪ વર્ષ દરમિયાન અસંખ્ય વાર આ બાબતે સુવિધામાં ફરિયાદો પણ કરવામાં આવી છે.

સે-૧૭ના વસાહત મંડળ અને વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલના કહેવા પ્રમાણે અમોએ કરેલી ફરિયાદોના કારણે ઘણા અધિકારીઓ ૮ થી ૧૦ વખત જોઈ પણ ગયા છે પરંતુ દરેક વખતે આ શૌચાલય નવું બનાવીને આપીશું તેવી હૈયાધારણા આપીને જતા રહે છે પછી કાંઈ પગલાં લેવાતા નથી અને આજ દિન સુધી નવું શૌચાલય બનાવવાની કામગીરી થઈ પણ જણાઈ નથી. આ ત્રાસમાંથી છુટકારો મેળવવા સત્વરે આ શૌચાલયની જગ્યાએ નવું શૌચાલય બનાવવામાં આવે જે આ શોપીંગના વેપારીઓ તેમજ આ વિસ્તારના રહીશોનો અધિકાર છે તેથી તે માટેની તીવ્ર માંગ ઉઠવા પામી છે.

# ચરેડી છાપરા પાછળ રેલવે ટ્રેક પર એક યુવાન કપાઈ ગયો

## રાત્રે કમરના ભાગેથી બે ટુકડા થયેલી હાલતમાં મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરને અડીને આવેલા ચરેડી છાપરા વિસ્તારની પાછળથી પસાર થતા રેલવે ટ્રેક પરથી ગત મોડી રાત્રે એક અજાણ્યા યુવાનનો કપાઈ ગયેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. સે. ૨૧ પોલીસે કમરના ભાગેથી બે ટુકડા થઈ ગયેલી હાલતમાં મળેલા મૃતદેહને પીએમ માટે મોકલી અજાણ્યા યુવાનની ઓળખવિધિ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

મળતી માહિતી મુજબ ગઈ રાત્રે ચરેડી છાપરા પાછળના વિસ્તારથી પસાર થતા રેલવે ટ્રેક પર એક અજાણ્યો યુવાન ટ્રેઈન નીચે કપાઈ ગયો હતો. આશરે ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના અજાણ્યા યુવાનનો કમરના ભાગેથી બે ટુકડા થઈ ગયેલી હાલતમાં મૃતદેહ પડ્યો હોવાની જાણ સે. ૨૧ પોલીસને થતા જમાદાર વસંતભાઈ તથા તેમની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આસપાસના છાપરા વિસ્તારમાં રહેલા લોકોને ઉંઘમાંથી ઉઠાડીને મૃતકની ઓળખ થાય તે માટે પ્રશ્નોત્તરી કરી હતી જો કે તેની ઓળખ હજુ સુધી થઈ શકી નથી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલીને સે. ૨૧ પોલીસે ઊંડી તપાસ આરંભી છે.



## પદયાત્રીઓને આવકારવા સજ્જ થઈ રહેલા સેવા કેમ્પો

પવિત્ર શ્રાવણ માસ પુરો થતા જ નગરના શ્રદ્ધાળુઓ હવે અંબાજીના પદયાત્રીઓને આવકારવા થનગની રહ્યા છે. ભાદરવી પૂનમે અંબાજી ખાતે ભરાતો વિશ્વ પ્રસિદ્ધ પગપાળા મેળા માટે પદયાત્રીઓ નગરમાંથી પસાર થશે ત્યારે સેવાભાવી નગરજનો દ્વારા સેવા કેમ્પો ઉભા કરીને તેમને સવારના ચા નાસ્તાથી માંડીને નાહવા-ધોવા-સૂવાની સગવડો અને મેડીકલ સારવાર પણ અપાય છે. હાલ નગરમાં આ સેવા કેમ્પો માટેના પંડાલ ઠેર ઠેર તૈયાર થઈ ગયા છે. (તસવીર : સમીર રામી)

# સેકટર-૨૪નાં ઊંડા ખાડામાં ગાય ખાબકી

## ફસાયેલી ગાયને ફાયરબ્રિગેડે ખાડામાંથી બહાર કાઢી બચાવી લીધી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં કયાંક તંત્ર દ્વારા તો કયાંક કોઈ ખાનગી કંપની દ્વારા કેબલીંગ કરવા માટે જયાં ત્યાં



ખાડા કરી મુકયા છે. જયાં કયારેક વાહનો તો કયારે મુંગા પશુઓ ફસાઈ જવાના કિસ્સાઓ બનવા પામે છે આજે સવારે આવાજ એક ઉંડા ખાડામાં સે-૨૪ ખાતે ગાય ખાબકી જતા ફસાઈ ગઈ હતી.જો કે ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે તથા ત્રણ કોર્પોરેટર સહિત રહીશોએ મળીને પંદરેક મિનિટમાં જ ગાયને ખાડામાંથી જીવતી બહાર કાઢી બચાવી લીધી હતી.

સેકટર-૨૪ પટેલ પાર્લર ચોકડીથી સે-૨૫ તરફ છ નંબરના માર્ગ પર જવાના રસ્તે આજે સવારનાં અરસામાં એક ઊંડા ખાડામાં ગાય પડીને ફસાઈ ગઈ હતી. ગુંગળાઈ રહેલી ગાયને જોઈને સ્થાનિક રહીશો તથા ૩ કોર્પોરેટર્સ દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રવિણાબેન દરજી તથા સુરેશભાઈ મહેતા પણ બચાવ કામગીરી માટે દોડી આવ્યા હતા તો બીજી તરફ ગાંધીનગર ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ખાડામાં ફસાયેલી ગાયને પંદર જ મિનિટમાં જીવતી બહાર કાઢીને બચાવી લઈ પર્યુષણ દરમિયાન જ જીવદયાનું એક જીવતું જાગતું ઉદાહરણ પુરું પાડયું હતું.

# બલરામ મંદિર ખાતે આરોગ્ય વિષયક સેમિનાર યોજાયો

## *એપોલો હોસ્પિટલના ડોક્ટરોએ માર્ગદર્શન આપ્યું*

ગાંધીનગર, તા. ૨૭

જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન અને સાહેલી ગૃપ દ્વારા આરોગ્ય વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એપોલો હોસ્પિટલના ખ્યાતનામ ડૉક્ટર જયેશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં આવેલ બલરામ ભવન સેકટર-૧૨ ખાતે જાયન્ટ ગૃપ ઓફ ગાંધીનગર મેઈન અને સાહેલી ગૃપ દ્વારા ગત તા. ૨૩ના રોજ આરોગ્ય વિષયક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ ંહતું. સેમિનારમાં એપોલો હોસ્પિટલના જુદા જુદા રોગના નિષ્ણાત ડૉ૧ક્ટરો ઉપસ્થિત રહ્યા હતા.

જેમાં એપોલો હોસ્પિટલના હૃદયરોગના નિષ્ણાત ડૉ. જયેશ પ્રજાપતિએ વીડિયો પ્રેજન્ટેશન સાથે હૃદયરોગના પ્રાથમિક લક્ષણો, ઉપાયો અને રહેણીકરણી વિશે માહિતી આપી હતી. ડૉ. રમેશ ગોપાલે ડાયાબીટીશ 'એક મીઠુ દુઃખ' પર માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતુ કે ડાયાબીટીશ દર પાંચ વ્યક્તિએ એક વ્યક્તિને લાગુ પડેલો છે. ત્યારે આ રોગથી છુટકારો મેલવવા જીવનશૈલીમાં બદલાવ લાવવો જોઈએ.

આ સેમિનારમાં ભારતીય કિસાન સંઘના માર્ગદર્શક જીવણદાદા, અંબુભાઈ પટેલ, જાયન્ટ ગૃપના સભ્યો સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. સેમિનારને સફળ બનાવવા પ્રમુખ મનિષા પટેલ, ઉપપ્રમુખ પારૂલ પટેલ સહિતના કાર્યકરોએ મહેનત કરી હતી.




સમસ્ત ખડાયતા સમાજ ગુજરાત ગાંધીનગરના કારોબારી સભ્યોએ સોમવતી અમાસના દિવસે કોટીયર્ક મંદિર ખાતે વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી હતી. વૃદ્ધાશ્રમના વડીલો સાથે વાર્તાલાપ કરી દુઃખ હળવા કરાવવાનો પ્રયત્ન કર્યો હતો. તેમજ ઘર વપરાશની ૧૪ વસ્તુઓની કીટ અર્પણ કરી હતી. આ પ્રસંગે ડી.એફ.શાહ જે.ઓ. શાહ, હર્ષદ ગાંધી, રસિકભાઈ ગાંધી, ભૂપેશ શાહ, મહેન્દ્ર શાહ, બેલા શાહ જોડાયા હતા.

# લક્ષ્મીપુરા-ગોલથરા પ્રાથમિક શાળામાં ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ જિલ્લા શિક્ષણ સમિતિ ગાંધીનગર અને સી.આર.સી., નારદીપુરના સંયુકત ઉપક્રમે લક્ષ્મીપુરા ગોલથરા પ્રાથમિક શાળામાં સી.આર.સી. કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૪-૧૫ યોજાઈ ગયું. નારદીપુર જૂથ કક્ષાના સદર વિજ્ઞાન મેળામાં નારદીપુર પ્રાથમિક કુમારકન્યા શાળા-શિવમ પ્રા. શાળા, ભટ્ટ પ્રા. શાળા, ગોલથરા પ્રા. શાળા અને લક્ષ્મીપુરા પ્રા. શાળાની કુલ ૧૪ કૃતિઓ પ્રદર્શિત કરવામાં આવી હતી. બાળ વૈજ્ઞાનિકો દ્વારા સામાજિક સ્વાસ્થ્ય અને પર્યાવરણ, વિજ્ઞાન અને ગણિતના સીમા ચિહ્નો, માહિતી અને પ્રત્યાયન તકનિકી, ઉર્જા સ્ત્રોતો અને તેનું સંરક્ષણ તથા પરિવહન બિનજરુરી વસ્તુઓનું વ્યવસ્થાપન જેવા વિષયોને સ્પર્શતા વિવિધ પ્રયોગો-નિદર્શનો-પ્રદર્શનો મોડેલ્સ ચાર્ટસ રજૂ કરવામાં આવ્યા હતા.

સમાજજીવનમાં વૈજ્ઞાનિક અભિગમ પ્રસરે, અંધશ્રધ્ધાઓ-વહેમો દૂર થાય અને વિજ્ઞાનસભર દૃષ્ટિ કેળવાય તેવા શુભાશયથી આયોજિત સદર વિજ્ઞાન ગણિત પ્રદર્શનમાં ગાંધીનગર જિલ્લા તાલીમ ભવનના પ્રાધ્યાપિકા મીરાબેન રાવલ, નારદીપુર સી.આર.સી. કો ઓર્ડીનેટર મેહુલભાઈ સુથાર, જૂથ શાળાના આચાર્ય, શાળા વહીવટી સમિતિના સદસ્યો, અધ્યેતા ભાઈ-બહેનો અને ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નિર્ણાયકો તરીકે સોજા હાઈસ્કૂલના ગણિત શિક્ષક રાકેશ પ્રજાપતિ 'રાહી', જે.બી. ચાવડા અને નારદીપુરના વિજ્ઞાન શિક્ષક અજયભાઈ વ્યાસે સુંદર કામગીરી કરી હતી. સદર પ્રદર્શનમાં યોગદાન આપનાર દાતાશ્રીઓ બાબુજી ઠાકોર, જયંતિજી ઠાકોર, સેંધાજી ઠાકોર, જગાજી ઠાકોર ગોવિંદજી ઠાકોર અને મેલાજી ઠાકોરનું જાહેર અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના આચાર્યા ઉષાબેન નાયી અને સારસ્વત મિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## સંપૂર્ણ સ્વાસ્થ્ય શરીર પર નિઃશુલ્ક કાર્યક્રમ

તાવરિયાજી ગૃપ દ્વારા લયબદ્ધ શ્વસન અને સંપૂર્ણ સ્વાસ્થ્યનો કાર્યક્રમ તા. ૨૯થી ૩૧ ઓગસ્ટ સાંજે ૭.૦૦ વાગે સેક્ટર-૧૨ બલરામ મંદિર ભવન ખાતે મફત યોજવામાં આવશે.

## વસંતકુંવરબા પ્રાથમિક શાળાની બાળાઓ ખો-ખોમાં રાજયકક્ષાએ

બા શ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાની ખો-ખોની ટીમની ૬ વિદ્યાર્થીનીઓ જિલ્લા કક્ષાની પશ્ચિમ વિભાગની ટીમમાં વિજેતા થઈ હતી. તેમાં રાજયકક્ષાએ ત્રણ ખેલાડીઓ અનુક્રમે રાય રીયા પી., દેવડા રિદ્ધિ અને તાવડિયા કિંજલ પસંદગી પામેલ છે. તેમને શાળા પરિવાર તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૧
સૂર્યાસ્ત : ૭.૦૧

## તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૫૯ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

સિંઘમ રિટર્ન્સ : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

મર્દાની : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૯.૪૫

સ્ક્રીન-૪ :

મેડ અબાઉટ ડાન્સ : ૧૨.૪૫, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

મર્દાની : ૧૦.૦૦

: સ્ક્રીન-૫ :

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મર્દાની : ૧૦.૩૦, ૪.૩૦, ૧૦.૩૦

સિંઘમ રિટર્ન્સ : ૧.૩૦, ૭.૩૦

: સ્ક્રીન-૨ :

ધ એક્પેન્ડેબલ્સ ૩ (અંગ્રેજી) : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

મેડ અબાઉટ ડાન્સ : ૧.૧૫, ૭.૧૫

સ્ક્રીન-૩ :

મર્દાની : ૧.૦૦, ૭.૦૦

સિંઘમ રિટર્ન્સ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : એન્જિનિયર, ટેકનોલોજી કર્મીઓ માટે ઉપલબ્ધિ ભાગ્યવર્ધક કાર્યો માટે યાત્રાના યોગ. નકામા તનાવથી દૂર રહેવું. સામાજિક સમસ્યાનો ઉકેલ પ્રાપ્ત થઈ શકશે.

**વૃષભ** : ભાગ્યવર્ધક રાજકીયક્ષેત્રે પદ પ્રતિષ્ઠા પ્રાપ્ત થઈ શકે છે. ખાનપાનમાં કાળજી રાખવી. પદોન્નતિ, ભૂમિ સંબંધી લાભ પ્રાપ્તિ થવાની વિશેષ સંભાવના. રાજય તરફથી વિશેષ લાભ.

**મિથુન** : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટવાયેલા નાણા પરત મળી શકશે. વરિષ્ઠ વ્યક્તિઓ તથા નીતિગત સમસ્યાઓ પર સમય અને ધન ખર્ચ થશે.

**કર્ક** : આત્મવિશ્વાસમાં વધારો થશે. પદ-પ્રતિષ્ઠા સંબંધી વિવાદિત કાર્યોનો ઉકેલ લાવવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકશે. ધર્મ, આધ્યાત્મ, ગહન શોધ સંબંધઈ શોધપૂર્ણ કાર્યોનો વિશેષ કાર્ય થશે.

**સિંહ** : મિલકત સંબંધી કાર્યોમાં સક્રિયતા વધશે. વ્યાપારિક ભાગીદારીઓમાં વિશેષ વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક સમસ્યાઓ પર વિચાર-વિર્મશ થઈ શકે છે.

**કન્યા** : કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ યાત્રા અને ભાગદોડ નો યોગ. કૌટુંબિક વિવાદા ઉભા ન થાય તેની કાળજી રાખવી. કોર્ટ-કચેરીના મુદ્દે સાવચેતી રાખવી.

**તુલા** : ધાર્મિક કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થશે. રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. આર્થિક સ્ત્રોમાં વૃદ્ધિના કાર્યો થઈ શકશે.

**વૃશ્ચિક** : રોજગારીના નવા રસ્તાઓ પ્રાપ્ત થશે. વ્યાપાર-વ્યવસાયિકક્ષેત્રમાં લાભ પ્રાપ્ત થવાની શકયતા છે. મંગળ પ્રસંગોમાં સમય પસાર થશે. સંચિત ધન વૃદ્ધિનો યોગ બની રહ્યો છે. કર્મક્ષેત્ર દ્વારા નોકરીમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે.

**ધન** : વેપારી સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય. આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવનાઓ રહેલી છે. સુખ, સુવિધા, ભવન, વાહન સંબંધી કાર્યોમાં અધિનસ્થ કર્મચારીઓથી વિવાદ કરવો નહીં.

**મકર** : આપને વિશેષ ભાગ્યવર્ધક કાર્યો થઈ શકશે. નવા વ્યાપારમાં રોકાણ વિચારીને કરવું. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગ્યવર્ધક યાત્રા, નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક ક્ષેત્રમાં વિશેષ યોગ બની રહ્યો છે.

**કુંભ** : સાહિત્ય જગતના લોકો માટે ઉપલબ્ધિ કારક સમય. ધર્મ આધ્યાત્મ, કૌટુંબિક, માંગલિક કાર્યોમાં નાણાં ખર્ચ થવાની શકયતાઓ છે. ગૂઢ, ધાર્મિક, કુટુંબમાં માંગલિક, આધ્યાત્મિક કાર્યો થઈ શકશે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**મીન** : આપના દ્વારા વિવાદિત લંબિત પ્રકરણોને ઉકેલવા માટે કરેલી વિશેષ યાત્રા લાભ અપાવશે. વ્યાપાર -વ્યવસાયિક યાત્રાઓથી લાભ પ્રાપ્તિ થવાનો વિશેષ યોગ બની રહ્યો છે. મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. કુટુંબ સંબંધી વિવાદ માનસિક કષ્ટનું કારણ બનશે.

## ચિરવિદાય

- સ્વ. કોહીબેન જીવાભાઈ પટેલ (ઉ.વ. ૮૫) મુ. ધણપ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ગેબાભાઈ સોમાભાઈ મકવાણા (ઉ.વ.૭૫) મુ. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર.
- સ્વ. વિલાસબેન મુકેશજી ઠાકોર (ઉ.વ.૨૩) મુ. પો. વાસણ મહાદેવ, તા.જી. ગાંધીનગર.
- સ્વ. ચંદાબા જુજારજી વાઘેલા (ઉ.વ.૭૩) મુ. લેકાવાડા, તા.જી. ગાંધીનગર